# ગુજરાત વિધુત નિયંત્રક આયોગ

## પ્રેસ નોટ

## રાજ્યની વિજ ઉત્પાદન, વિજ પ્રવહન, વિજ વિતરણ કંપનીઓ (ટૉરેન્ટ પાવર સહિતની) અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર માટેનાં પ્રશુલ્ક આદેશ

રાજ્યની વિજ ઉત્પાદન, વિજ પ્રવહન, વિજ વિતરણ કંપનીઓ (ટૉરેન્ટ પાવર સહિતની) અને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર દ્વારા જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો–૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭નું ટ્રુ–અપ અને નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ના પ્રશુલ્ક નિર્ધારણ માટે પીટીશનો દાખલ કરેલ. આ પીટીશનો ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ અને સંલગ્ન વિનિયમો અનુસંધાને ટેકનિકલ રીતે માન્ય છે કે નહી તેની ચકાસણી કરી તેમને રજીસ્ટર કરી પ્રશુલ્ક આદેશ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ.

પરવાનેદારોને આ અરજીઓ જાહેર જનતાની ભાગીદારીની ખાતરી કરવા સમાચારપત્રોમાં પ્રકાશિત કરવા નિર્દેશ આપવામાં આવેલ. સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી વાંધાઓ/સુચનો મંગાવવાની વિસ્તુત કાર્યવાહી કરવામાં આવેલ. આ વાંધાઓ સુચનોની ચકાસણી કરીને ૬,૧૫,૨૬ અને ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૮નાં રોજ આયોગની કચેરી ખાતે જાહેર સુનાવણી નિયત કરવામાં આવેલ. આ સુનાવણીમાં કેટલાક હિત ધરાવનારાઓએ, વ્યક્તિગત અને સંગઠનો સહિત આ સુનાવણીમાં ભાગ લીધો હતો.

આયોગ દ્વારા આ પીટીશનો પર તા. ૩૧–૦૩–૨૦૧૮ના રોજ આદેશ જારી કરેલ. આદેશના અગત્યનાં મુદ્દાઓ નીચે મુજબ છે:

- હયાત વીજદરોમા કોઇ વધારો કરવામાં આવેલ નથી.
- ૧લી એપ્રિલથી અમલમાં આવે તે રીતે મીટર ભાડું નાબુદ કરવામાં આવેલ છે.
- ઇલેક્ટ્રીક વાહનોના ચાર્જીંગ સ્ટેશનોનાં વિજ વપરાશ માટે અલગથી વિજદરો નક્કી કરાયા.
- નાના વાણિજ્યક-ઔધોગિક ગ્રાહકો 'ડિમાન્ડ બેઇઝ ટેરીફ' પસંદ કરી શકે એ હેતુથી 'એલટીએમડી' કેટેગરીમાં ફેરફાર કરાયો.
- ગ્રાઉન્ડ વોટરનો બચાવ થાય અને સપાટી પરના પાણીનો પિયત મંડળી દ્વારા ઉપયોગ વધારવાના હેતુથી સપાટી પરના પાણીના સિંચાઇ માટેના વપરાશનાં વિજદરનો ફિક્સ ચાર્જ અડધો કરાયો.

### ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી (જીએસઇસીએલ)

ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા આયુષ્ય મર્યાદા પુરી થવાથી વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન ગાંધીનગર ૧–૨ તથા ઉતરાણ ગેસ આધારિત વિજ મથકો બંધ કરવામાં આવ્યા. ઉપરાંત ૦૧,એપ્રિલ, ૨૦૧૭ થી ઉકાઇ ૧–૨ અને સિક્કા ૧–૨ વિજ મથકો પણ બંધ કરવામાં આવેલ છે.

આયોગે ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ને આયુષ્ય મર્યાદાથી બંધ કરવામાં આવેલ વીજ મથકોના ઝડપથી નિકાલ કરવા અંગે નિર્દેશ આપેલ છે.
ઉપરાંત ગેસ આધારિત વિજ મથકો માટે બહારથી જરુરી ગેસ ખરીદ કરવાની શક્યતાઓ તપાસવા માટે નિર્દેશ આપેલ છે

ઉકાઇ ૩–૫ વિજ મથકની સક્ષમતા વધવાથી એનર્જી ચાર્જમાં રુ. ૨.૮૬ પ્રતિ યુનિટથી ઘટાડી રુ. ૨.૭૭ પ્રતિ યુનિટ નિર્ધારિત કરેલ છે.

## ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી (જેટકો)

આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે GETCO નાં પ્રવહન દર GETCO દ્વારા માંગવામાં આવેલ રુ. ૪૨૭૪.૭૯/મેવો/દિવસ સામે રુ. ૪૨૦૭.૧૭/મેવો/દિવસ નિર્ધારીત કરવામાં આવેલ છે.
આયોગ દ્વારા ટ્રાન્સમિશન સિસ્ટમમાં ઉર્જાના ઇનપુટના આધારે ટૂંકા ગાળાના સામૂહિક વ્યવહારો માટે પ્રવહન દર ૩૬.૯૨ પૈસા/કેડબલ્યુએચ માન્ય કરેલ છે.

## સ્ટેટ લોડ ડીસપેચ સેન્ટર (એસએલડીસી)

આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે SLDC ખર્ચ રુ. ૯૨૭.૧૩ લાખ નિર્ધારિત કરવામાં આવેલ. જે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં રુ.૩૨૩૬ લાખ હતા.

## ડીસ્કોમ

રાજ્ય સરકાર હસ્તકની ચારેય વિજવિતરણ કંપનીઓની વિજ વિતરણ ઘટ નીચેના કોઠામાં દર્શાવેલ છે.

વર્ષ ૨૦૧૬-૧૭ની વિજ વિતરણ ઘટ

| | માન્ય કરાયેલ વિજ વિતરણ ઘટ | વાસ્તવમાં નોંધાયેલ વિજ વિતરણ ઘટ |
|---|---|---|
| દક્ષિણ ગુજરાત વિજ કંપની | ૧૦.૦૦% | ૮.૦૨% |
| મધ્ય ગુજરાત વિજ કંપની | ૧૧.૭૫% | ૧૧.૨૩% |
| પશ્ચિમ ગુજરાત વિજ કંપની | ૨૨.૦૦% | ૨૦.૮૯% |
| ઉત્તર ગુજરાત વિજ કંપની | ૧૦.૦૦% | ૮.૧૫% |

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ચારેય વિજ કંપનીઓની સંયુક્ત વિતરણ ઘટ ૧૩.૮૨% માન્ય રાખેલ છે.

ચારેય વિજ વિતરણ કંપનીઓની રુ. ૨૨૫ કરોડની સંયુક્ત ઘટની માંગણી સામે આયોગ દ્વારા ચારેય કંપનીઓની સંયુક્ત પુરાંત રુ. ૩૬૩ કરોડ મંજુર કરવામાં આવેલ છે. આ પુરાંતનું મુખ્ય કારણ એ છે કે આયોગે કર્મચારીઓનાં વેતન સુધારા અંગેના ખર્ચની વિતરણ કંપનીઓએ કરેલી જોગવાઇને માન્ય રાખેલ નથી. જો કે આયોગે નિર્ણય કરેલ છે કે આ અંગેનો વાસ્તવિક ખર્ચ જે તે નાણાકીય વર્ષના ટ્રુ-અપ સમયે ધ્યાને લેવામાં આવશે.

આયોગ દ્વારા વિજદરોમાં નીચે મુજબ સુધારાઓ કરેલ છે.

**૧. મીટર ભાડું:-**

વિજ વિતરણ કંપનીઓએ મીટર ભાડાને ફીક્સ ચાર્જ સાથે ભેળવી દેવાની દરખાસ્ત કરેલ હતી. હિતધારકો દ્વારા પણ મીટર ભાડુ નાબુદ કરવા વારંવાર રજુઆતો કરવામાં આવતી હતી. આ દરખાસ્ત અને રજુઆતોને ધ્યાનમાં લઇ, આયોગ દ્વારા ૧ લી એપ્રિલ, ૨૦૧૮ થી મીટર ભાડુ નાબુદ કરવા આદેશ કરેલ છે.

**૨. ઇલેક્ટ્રીક વાહનોનાં ચાર્જીંગ માટેના વિજદરો:-**

સરકારશ્રી દ્વારા ઇલેક્ટ્રીક વ્હીકલનાં વપરાશને પ્રોત્સાહન આપવામાં આવે છે તે બાબતથી આયોગ વાકેફ છે. આવા વાહનોનો વપરાશ વધે તે માટે વાહનોનાં ચાર્જીંગ અંગેની માળખાકીય સુવિધા ખુબ જ જરુરી છે. આયોગે આથી સ્પષ્ટ કરેલ છે કે ગ્રાહકો વીજળીનો વપરાશ, જે ટેરીફ દરથી વીજળી મેળવતા હોય તે દરથી જ, વાહનોનાં ચાર્જીંગ માટે પણ કરી શકશે.

વધુમાં, ચાર્જીંગ માટેની માળખાગત સુવિધામાં વધારો થાય તે માટે નવા ચાર્જીંગ સ્ટેશનો માટેના ખાસ વિજદર આ હુકમથી નક્કી કરવામાં આવેલ છે. આ વિજદર હળવા દબાણનાં વિજ વપરાશ માટે રુ. ૨૫ પ્રતિ માસ પ્રતિ જોડાણ લેખે ફીક્સ ચાર્જ અને રુ. ૪.૧૦ પ્રતિ યુનિટ લેખે એનર્જી ચાર્જ નક્કી કરવામાં આવેલ છે. આ જ રીતે ઉચ્ચ દબાણના વિજ વપરાશ માટે ડીમાન્ડ ચાર્જ રુ. ૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ અને એનર્જી ચાર્જ રુ. ૪.૦૦ પ્રતિ યુનિટ નક્કી કરવામાં આવેલ છે.

**૩. નાના ગ્રાહકો માટે 'વિજ માંગ આધારિત' વિજદરો:-**

હાલમાં એલટીએમડી ગ્રાહકો માટેની લઘુત્તમ બીલીંગ ૧૫ કિવો હોવાથી નાના ગ્રાહકો આ લાભ લઇ શકતા ન હતા. ગ્રાહકોની રજુઆતો ધ્યાનમા રાખીને આયોગ દ્વારા એલટીએમડીની લઘુત્તમ બીલીંગ ડિમાન્ડ ૧૦ કિવો કરવામાં આવી છે.

**૪.સપાટી પરના પાણીનાં સિંચાઇ માટેનાં વિજદરો:-**

પિયત મંડળીઓ દ્વારા રજુઆત કરાયેલ કે હાલમાં પિયત મડળીઓ દ્વારા સપાટી પરના પાણીથી સિંચાઇ કરવા ખેડુતોને સમજાવવામાં આવી રહ્યા છે પણ આ અંગેનાં વિજ દરો– સામાન્ય ખેડુતને સિંચાઇ માટે લાગુ પડતા વિજ દરો કરતાં વધુ હોય, જો એમાં ઘટાડો કરવામાં આવે તો સપાટી પરના પાણીથી સિંચાઇનો ઉપયોગ વધી શકે. આયોગે આ રજુઆત ધ્યાનમાં રાખી અને ગ્રાઉન્ડ વોટરનાં સિંચાઇ માટે ઉપયોગ ઓછો થાય એ માટે સપાટી પરના પાણીથી સિંચાઇ માટેનાં વિજ દરોનો ફીક્સ ચાર્જ અડધો કરેલ છે. એટલે કે રુ. ૪૫ પ્રતિ હોર્સ પાવર પ્રતિ માસથી ઘટાડી રુ. ૨૦ પ્રતિ હોર્સ પાવર પ્રતિ માસ ફીક્સ ચાર્જ કરેલ છે.

આયોગે વિજ વિતરણ કંપનીઓને ખેડુતો દ્વારા સોલાર પંપનો ઉપયોગ વધે અને એ માટે પ્રયત્નો કરવા, ઈએચવી ઉપર વીજ વપરાશ માટેનાં ઇન્સેન્ટીવ વધારવા અંગે, અગાઉથી વ્યાજબી ભાવે વીજળીની ખરીદીનું આયોજન કરવા અને 'ડિમાન્ડ રીસ્પોન્સ' ના ઉપાયો અંગે કાર્યપધ્ધતિ રજુ કરવા નિર્દેશ અપાયેલ છે.

<u>ટૉરેન્ટ પાવર લીમીટેડ</u>

વર્ષ ૨૦૧૬–૧૭ના વિજ વિતરણ ઘટ

| | માન્ય કરાયેલ વિજ વિતરણ ઘટ | વાસ્તવમાં નોંધાયેલ વિજ વિતરણ ઘટ |
|---|---|---|
| અમદાવાદ | ૭.૫૦% | ૬.૮૧% |
| સુરત | ૩.૮૯% | ૩.૯૨% |

ટૉરેન્ટ પાવર લીમીટેડનાં વિજ દરોમાં પણ ઉપરોક્ત રાજ્ય હસ્તક વિજ વિતરણ કંપનીઓનાં વિજ દરોમાં કરેલ ફેરફાર મુજબના ફેરફારો કરાયેલ છે. ટૉરેન્ટ પાવર લીમીટેડને પણ 'ડીમાન્ડ રીસ્પોન્સ' ના ઉપાયોની કાર્યપધ્ધતિ રજુ કરવા નિર્દેશ અપાયેલ છે.